અપીલ અરજી નં.૨૬૮ તા.૧૪–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રોશનલાલ શીવલાલ શાહ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા. ૧૧–૮–૧૧ની અરજીથી તા.૧૨–૦૧–૧૧નાં રોજ મહેરબાન કાર્યપાલક ઈજનેરશ્રી પૂર્વ ઝોન વરાછા તથા તા. ૩૧–૦૧–૧૧નાં રોજ મહેરબાન કમિશ્નર સાહેબશ્રીને આપેલ સી.પી.સી.કલમ–૮૦ મુજબની ફરીયાદ અરજી બાબતે મુદ્દા નં. (૧) ફરીયાદીની ફરીયાદ બાબતે આપના તરફથી શું કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ સાચી માહિતી સરલ અને સ્પષ્ટ ભાષમાં આપશોજી વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૬૮/૨૦૧૧–૧૨

શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા. ૧૧–૮–૧૧ની અરજીથી તા.૧૨–૦૧–૧૧નાં રોજ મહેરબાન કાર્યપાલક ઈજનેરશ્રી પૂર્વ ઝોન વરાછા તથા તા. ૩૧–૦૧–૧૧નાં રોજ મહેરબાન કમિશ્નર સાહેબશ્રી આપેલ સી.પી.સી.કલમ–૮૦ મુજબની ફરીયાદ અરજી બાબતે મુદ્દા નં. (૧) ફરીયાદીની ફરીયાદ બાબતે આપના તરફથી શું કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ સાચી માહિતી સરલ અને સ્પષ્ટ ભાષમાં આપશોજી વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબતે તબદીલના પત્ર સિવાય માહિતી મળેલ ન હોવાનું નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા તા. ૧૨–૦૧–૧૧ તથા ૩૧–૦૧–૧૧ની અરજીની નકલો સહ તે અંગે થયેલ ન થયેલ કાર્યવાહીની વિગત સહ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૭ તા.૨૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)તથા અરજદારને તા. ૧૧–૮–૧૧ની અરજીમાં નિર્દિષ્ટ તા ૧૨–૦૧–૧૧ તથા તા. ૩૧–૦૧–૧૧ની અરજીઓ કચેરીને આપ્યાના આધાર સહ નકલો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૯૦ તા.૧૨–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૮૧૦ તા.૧૨–૮–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારની તા.૧૨–૧–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૩૯૦ તા.૧૯–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતમાં તા.૪–૧૦–૧૧ ની પ્રત્યુત્તર બાદની કરેલ પુનઃ અપીલની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, નોંધ વિભાગનો પત્ર, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ , અરજદારે તા.૧૨–૧–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને કરેલી અરજીની નકલ જે તા.૩૧–૧–૧૧ ના રોજ કમિ.શ્રીની કચેરી સ્વીકાર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી અરજદારે તા.૧૨–૧–૧૧ ના રોજ આપેલી અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીની માહિતી માંગતી અરજી મ.જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૧૦ તા.૧૨–૮–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે તબદીલના પત્ર સિવાય માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૪–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. અપીલ દરમ્યાનજાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૯૦ તા.૧૯–૯–૧૧ ના રોજ અરજદારને માહિતી આપવામાં આવેલ. માહિતીના પ્રત્યુત્તર બાદ અરજદારે આપેલ જવાબ સંતષકારક નથી તથા અધૂરો છે અને સમય મર્યાદામાં આપેલ નથી તેવું જણાવી પુનઃ ૪–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ. અરજદારે ૧૨–૧–૧૧ ના રોજ તેમના સૌચાલયની બાજુમાં ચંપકભાઈની ચાલીમાં આવેલ જગ્યામાં થઈ રહેલા બાંધકામ બાબતે ફરીયાદ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે તેની નકલ તા.૩૧–૧–૧૧ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે આપવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૧–૮–૧૧ ના રોજ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં. (૧) ફરીયાદીની ફરીયાદ બાબતે આપના તરફથી શું કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ સાચી

માહિતી સરલ અને સ્પષ્ટ ભાષમાં આપશોજી. મુદ્દા નં.(૨) મે.કમિ.શ્રી ધ્વારા ફરીયાદ બાબતે કાર્યવાહી કરવા શું હુકમ કરવામાં આવેલ છે તેની વિગત સાથેની નકલ આપવા મહેરબાની. મુદ્દા નં.(૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂર્વઝોન (વરાછા) ના શહેર વિકાસના અધિકારીઓએ સ્થળની વારંવાર વીઝીટ કરી છતાં પગલા નહીં લેવાના કારણ જણાવશો. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૯૦ તા.૧૯–૯–૧૧ થી અપીલ તબકકે સમય અવધિ બાદ અરજદારને " ફરીયાદ અન્વયે વરાછાઝોન તરફથી થયેલી કાર્યવાહીની નોંધ રીપોર્ટના પાના નંગ–૨ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ . જે રીપોર્ટની નકલ અત્રે પણ રજૂ કરેલ છે. જે અંગે સમય મર્યાદામાં માહિતી આપેલ નથી તે અંગે અરજદારની વિના મૂલ્યે માહિતી આપવામાં આવેલ છે. જયારે આપેલ જવાબ સંતોષકારક નથી અને અધૂરો છે તે બાબતે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. વધુમાં અરજદારની અરજી બાબતે કાર્યવાહી અંગેની રીપોર્ટની નકલ અરજદારે પૂરી પાડી તેની જાણ પણ કરવામાં આવેલ હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારની મુદ્દા નં.૧ થી ૩ ની કાર્યવાહીને લગતી તથા રીપોર્ટમાં થયેલ હુકમની વિગત તથા સ્થળ ઉપરની હકીકતલક્ષી વિગતનો રીપોર્ટનો સમાવેશ થયેલ છે. જેની નકલ અરજદારને પૂરી પાડેલ હોઈ તેની જાણ પણ અરજદારને થયેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રોશનલાલ શીવલાલ શાહ